# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ELECTION CANDIDATE UPDATE

રાજ્યની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી આગામી 26 મી એપ્રિલે યોજાનારી છે. ત્યારે ગઇકાલે બપોરે ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતની 28 બેઠકો માટે 120 ઉમેદવારી ફોર્મ ભરાયા છે. કોંગ્રેસમાં ડમી ઉમેદવારો સહિત 43, ભાજપ 39 અને આપના 10 અને અપક્ષ 28 ઉમેદવારોએ ફોર્મ ભર્યા. કલોલ નગરપાલિકામાં 44 બેઠકો માટે 180, દહેગામ નગરપાલિકામા 28 બેઠકો માટે 87, દહેગામ તાલુકા પંચાયતની 28 બેઠકો માટે 97, માણસા તાલુકા પંચાયતની 26 બેઠકો માટે 101, કલોલ તાલુકા પંચાયતની 22 બેઠકો માટે 68 ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા.

# RAJKOT JANSEVA SANKALAP

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોએ ગઇકાલે ઉમેદવારી પત્રો ભર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ 15 મહાનગરપાલિકાઓમાં આજથી જનસેવા સંકલ્પ કાર્યોક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યોક્રમમાં જે તે મહાનગરપાલિકાના ભાજપના ઉમેદવારોએ જનસેવા સંકલ્પ લીધો હતો.

રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ જનસેવા સંકલ્પ કાર્યોક્રમ યોજાયો હતો. જેમાં રાજકોટ મહાનગર પાલિકાની 72 બેઠકોના ઉમેદવારોને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ઉમેદવારો પાસે જન સેવાના સંકલ્પ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ જણાવ્યું કે, જનસેવા સંકલ્પનો આજનો આ કાર્યક્રમ નવો પ્રયોગ છે. ભારતને વિશ્વ ગુરુ બનાવવાના મંડાણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યા છે, તેને લોકો સુધી પહોંચાડવાના છે.

**(BYTE : MADHAV DAVE)**

સુરત મહાનગરપાલિકાના ભાજપના 120 ઉમેદવારોએ જનસંકલ્પ લીધો હતો. જેમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલ, સાંસદ મુકેશ દલાલ, પ્રદેશ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન ગઇકાલે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષોના ઉમેદવારોએ પણ પ્રચાર કાર્ય શરૂ કર્યો છે. રાજ્યની 15 મહાનગરપાલિકાઓના ઉમેદવારોએ વોર્ડ પ્રમાણે ચૂંટણી કાર્યકલો શરૂ કરાયા છે. તો કેટલાક ઉમેદવારો પોત પોતના વિસ્તારમાં લોક સંપર્ક કરીને પ્રચાર કાર્યોમાં જોડાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આવતીકાલે ઉમેદવારો પત્રોની ચકાસણી કરવામાં આવશે અને 15 મી એપ્રિલે ઉમેદવારો ઉમેદવારી પત્રો પાછાં ખેચી શકશે. જ્યારે 26 મી એપ્રિલે મતદાન થશે. અને 28 મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે.

# IRAN – MACHHIMAR PARAT

ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ગુજરાતનાં 72 જેટલા માછીમારો ઇરાનમાં ફસાઈ ગયા હતા. આ તમામ માછીમારો આજે ગુજરાત પાછા ફરશે.

ઈરાનમાં માછીમારી કરવા ગયેલા 72 માછીમારો યુદ્ધને કારણે ફસાઈ ગયા હતા. એ બાદ ગણદેવી તાલુકાના માછીમાર આગેવાન તથા ધોલાઈ બંદર સમિતિના મંત્રી માથુર ટંડેલ સહિતના આગેવાનોએ સરકારને કરેલી રજુઆત બાદ ગુજરાતના માછીમારોને સરકારે ઈરાનથી પાછા સલામાત ભારત પરત લાવવાની પ્રક્રિયા પાર પાડી છે. આ માછીમારો ભારતમાં ચેન્નાઈ વિમાની મથકે આવી પહોચ્યાં બાદ બસ દ્વારા ગુજરાત પાછા ફરી રહ્યા છે.

# ASHA BHOSLE

સુપ્રસિદ્ધ ગાયિકા અને પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા આશા ભોંસલેનું આજે મુંબઈમાં 92 વર્ષની વયે અવસાન થયું.

મહારાષ્ટ્રના સાંસ્કૃતિક મંત્રી આશિષ શેલારે હોસ્પિટલની બહાર મીડિયા સાથે વાત કરતા આ સમાચારની પુષ્ટિ કરી. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે સાંજે 4 વાગ્યે શિવાજી પાર્ક ખાતે કરવામાં આવશે.

તેમને ગઈકાલે સાંજે છાતીમાં ચેપ અને થાકને કારણે મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમ કે તેમની પૌત્રી ઝનાઈ ભોંસલેએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું.

આઠ દાયકાથી વધુ લાંબી કારકિર્દી ધરાવતા આશા ભોંસલે તેમની બહુમુખી પ્રતિભા માટે જાણીતા હતા..

# TAPI ACCIDENT

તાપીમાં ઉચ્છલ નિઝર ધોરીમાર્ગ પર અકસ્માત સર્જાતા ત્રણ યુવકોના મોત નીપજ્યા છે. બે બાઇક સામસામે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. રૂમકિતલાવ ગામના બે અને વેડાપાડાના એક એમ ત્રણ યુવકોના મોત નીપજ્યા હતા. જ્યારે એક યુવકને ગંભીર ઇજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. નિઝર પોલીસે ઘટનાની જાણ થતાં આગળની તપાસ હાથ ધરી છે.

# TRANSGENDER - SAMMELAN

યાત્રાધામ બહુચરાજી ખાતે અખિલ ભારતીય કિન્નર સમાજના મહા સમેલનનો આજથી પ્રારંભ થયો છે. જે 17 મી એપ્રિલ સુધી ચાલશે. કિન્નર સમાજે બહુચર માતાજી મંદિરે ધ્વજારોહણ કર્યું હતું. ભવ્ય શોભાયાત્રા સાથે ધજા યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. માતાજીને 51 તોલા ચાંદીમાંથી બનાવેલું છત્ર અર્પણ કર્યું હતું.

# BANASKANTHA- MADAK PADARTH

વાવ-થરાદ જિલ્લા પોલીસે થરાદ-ડીસા ધોરીમાર્ગ પર આવેલ કાતરવા ગામની સીમમાંથી ગેરકાયદેસર 995  ગ્રામ માદક પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે. જેની બજાર કિમત 54 હજાર 860 રૂપિયા છે. પોલીસે એક વ્યક્તિની ધરપકડ એન.ડી.પી.એસ એક્ટ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે.